રજી-પોસ્ટ

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2021/7391-7410
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.28/12/2021

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
સુરત

વિષય:- CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 (વિ.પ્ર) માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:- (1) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/ 2020/ 2083-2116, તા.11/08/2020

(2) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/ 2020/2228-62, તા.21/08/2020

(3) શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:મશબ/1119/857/છ, તા.14/07/2021

(4) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 4177-4211, તા.02/09/2021

(5) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 4431-67, તા.13/09/2021

(6) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડની તા.15/09/2021 ના કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક/1058/2021.

(7) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 4583-4620, તા.23/09/2021

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાય નહિ તે મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને સંદર્ભ-(1) દર્શિત તા.11/08/2020 ના પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવેલ હતી તેમ છતાં શૈક્ષણિક વર્ષ:2020-21 માં કેટલીક શાળાઓ દ્વારા બોર્ડના પરિપત્રોની અવગણના કરીને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં શૈક્ષણિક વર્ષ:2020-21 માં પ્રવેશ આપવામાં આવેલ હતો. શૈક્ષણિક વર્ષ:2021-22 માં સંદર્ભ-(4) દર્શિત અત્રેના તા.02/09/2021 ના પત્રથી

130

જણાવેલ હતું કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-10 માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાશે નહિ. ત્યાર બાદ બોર્ડને મળેલ રજૂઆતો અન્વયે સંદર્ભ-(5) દર્શિત અત્રેના તા.13/9/2021 ના પત્ર અન્વયે કોવિડ-19 પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને શૈક્ષણિક વર્ષ:2021-22 પુરતું જ ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં માત્ર 'B' ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે તેમ જણાવેલ હતું.

ઉક્ત વિગતે સંદર્ભ-(1) અને સંદર્ભ-(2) અને સંદર્ભ-(4) દર્શિત અત્રેના પત્રોથી સ્પષ્ટતા કરવામાં આવેલ હોવા છતાં કેટલીક શાળાઓ દ્વારા ઉક્ત પરિપત્રોની જોગવાઇનું ઉલ્લંઘન કરીને CBSE બોર્ડમાંથી ધોરણ-10 માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ:2021-22 માં ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) માં પ્રવેશ આપવામાં આવેલ છે. જે બાબત બિલકુલ અયોગ્ય છે. જે અંગેની બાબત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.15/09/2021 ની કારોબારી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી. બોર્ડની કારોબારી સમિતિ દ્વારા ઠરાવ ક્રમાંક:1058/2021 થી નીચે મુજબના નિર્ણય કરવામાં આવેલ છે.

(1) CBSE બોર્ડમાંથી Mathematic Basic સાથે ધોરણ-10 પાસ કરનાર જે વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ:2021-22 માં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં A-ગ્રુપમાં તા.13/09/2021 પહેલા પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 ની ગણિત વિષયની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની રહેશે. બોર્ડ દ્વારા જુલાઇ-2021 માં લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ આ પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. આ પરીક્ષા ઉત્તીર્ણ કરે તો જ આવા વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય રાખવામાં આવશે.
(2) જે શાળાઓ દ્વારા બોર્ડના ઉક્ત પરિપત્રોની જોગવાઇઓને ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોય તેવી શાળાના આચાર્યશ્રીએ તેઓના બેંક એકાઉન્ટમાંથી અંગત રીતે વિદ્યાર્થી દીઠ રૂ. 5000/- દંડની રકમ બોર્ડમાં સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામના ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાની રહેશે.

CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં તા.13/09/2021 પહેલાં પ્રવેશ આપવામાં આવેલ હોય તેની માહિતી સંદર્ભ-(5) દર્શિત પત્ર તેમજ સંદર્ભ-(7) દર્શિત પત્રથી રાજ્યના તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ પાસેથી અત્રેની કચેરી દ્વારા માહિતી માંગવામાં આવેલ હતી.

અત્રેની કચેરીના સંદર્ભ-(5) અને સંદર્ભ-(7) દર્શિત પત્રો અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે

અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં તા.13/09/2021 પહેલા પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓની માહિતી અત્રેની કચેરીને મળેલ હતી.

ઉક્ત વિગત અન્વયે આપના જિલ્લામાં જે શાળાઓ ધ્વારા CBSE બોર્ડમાંથી ધોરણ-10 Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં શૈક્ષણિક વર્ષ:2021-22 માં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં તા.13/09/2021 પહેલા પ્રવેશ આપવામાં આવેલ હોય તેવી શાળાના આચાર્યશ્રીએ તેમના બેંક એકાઉન્ટમાંથી અંગત રીતે વિદ્યાર્થી દીઠ રૂ.5000/- (પાંચ હજાર) દંડની રકમ "સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી અત્રેની કચેરીની હિસાબી શાખામાં જમા કરાવવા બાબતે સંબંધિત શાળાઓના આચાર્યશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- હિસાબી અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારું.

ક્ર.નં. મા/ઈ/૨૦૨૨/૫૨૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ. સુરત
તા. 10/01/2022

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓ
સુરત, જિ. સુરત

District Education Officer
Surat. Dist. Surat.

D:\KHUMAN\J.M.\સાદર રજૂ\સાદર રજૂ.22.12.2021.2.docx